# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૨ જુલાઈ, ૨૦૨૬




**બાલાસિનોરમાં કેમિકલ ડમ્પિંગ સાઇટ સામે જનઆક્રોશ | મહીસાગર પોલીસ એક્શન મોડમાં, ડ્રોનથી રખાઈ બાજ નજર**

# બાલાસિનોરમાં હાઈવે ચક્કાજામ, ૫૦થી વધુ અટકાયત

**જમિયતપુરા સાઇટથી** ખેતી અને પર્યાવરણને નુકસાનના આક્ષેપ સાથે ખેડૂતો મેદાને પડ્યા




તસવીર: ધર્મિષ્ઠાબહેન કે. ઝાલા

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧
મહીસાગર જિલ્લાના બાલાસિનોર નગરમાં આવેલી જમિયતપુરા ડમ્પિંગ સાઇટને કાયમી ધોરણે બંધ કરવાની માંગ સાથે સ્થાનિકો અને ખેડૂતો દ્વારા છેડવામાં આવેલું આંદોલન આજે આક્રમક બન્યું હતું. અગાઉ આપેલા અલ્ટિમેટમ મુજબ પ્રદર્શનકારીઓએ અમદાવાદ-ઈન્દોર હાઈવે ચક્કાજામ કરવાની કોશિષ કરી હતી, પરંતુ જિલ્લા પોલીસ તંત્રની સતર્કતાને કારણે આ પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૫૦થી વધુ આંદોલનકારીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે સ્થાનિક રહીશો અને ખેડૂતોનો ગંભીર આક્ષેપ છે કે, જમિયતપુરા ડમ્પિંગ સાઇટમાં કેમિકલયુક્ત કચરો ઠલવવામાં આવે છે, જે પર્યાવરણ અને ખેતી માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. આ સાઇટને કાયમી તાળાબંધી કરવાની માંગ સાથે ખેડૂતોએ અગાઉ કલેક્ટર અને પ્રાંત અધિકારીને ચીમકી આપી હતી, જેના ભાગરૂપે આજે મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.

### ઝેરી પાણી અને પ્રદૂષણથી જનતામાં રોષ

જમિયતપુરા ખાતે આવેલી આ ડમ્પિંગ સાઈટના કારણે સમગ્ર વિસ્તારમાં પાણી, હવા અને જમીનનું વ્યાપક પ્રદૂષણ ફેલાયું છે. સ્થાનિકોનો આરોપ છે કે, બોર-કૂવામાંથી હવે કેમિકલયુક્ત ઝેરી અને રંગીન પાણી આવી રહ્યું છે, જે લોકોના સ્વાસ્થ્ય માટે અતિશય જોખમી છે. આ બાબતે તંત્ર અને સરકારમાં વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ હકારાત્મક ઉકેલ ન આવતા અંતે બાલાસિનોર, ફાગવેલ અને ઠાસરા તાલુકાના ૨૦૦ થી વધુ યુવાનો અને ખેડૂતોએ રસ્તા પર ઉતરી વિરોધ નોંધાવ્યો હતો.

### આંદોલન ઉગ્ર બનાવવાની ચીમકી

પોલીસ કાર્યવાહી છતાં લડત આપી રહેલા લોકોના ઉત્સાહમાં ઘટાડો થયો નથી. ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો આગામી દિવસોમાં આ જોખમી ડમ્પિંગ સાઈટ બંધ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

આ જન આંદોલન હિંસક ન બને તે માટે મહીસાગર એસ.પી. સફીન હસનની સૂચનાથી હાઈવે અને બાયપાસ પર ૧૦૦થી વધુ પોલીસ જવાનોનો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. જેમાં એલસીબી, એસઓજી અને મહિલા પોલીસનો પણ સમાવેશ થાય છે. આંદોલનકારીઓ પર નજર રાખવા માટે પોલીસે ખાસ ડ્રોન કેમેરાનો ઉપયોગ કર્યો હતો. જ્યારે ટોળાએ આંતરિક માર્ગ પર રસ્તો રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે પોલીસે તાત્કાલિક એક્શન લઈ ભીડને વિખેરી નાખી હતી.

### અલ્ટિમેટમને પગલે પોલીસ એલર્ટ હતી

‘બાલાસિનોર ખાતે ડમ્પિંગ સાઇટના વિરોધમાં ચક્કાજામના અલ્ટિમેટમને પગલે પોલીસ એલર્ટ હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે ચક્કાજામનો પ્રયાસ કરનારા ૫૦થી વધુ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે અને હાલ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.’ - **જે.જી. ચાવડા, નાયબ પોલીસ અધિક્ષક, મહીસાગર.**

### પોલીસનો કડક બંદોબસ્ત અને અટકાયત

આંદોલનની પૂર્વતૈયારીઓને જોતા જિલ્લા પ્રશાસન દ્વારા અગાઉથી જ જાહેરનામું બહાર પાડી ૪થી વધુ વ્યક્તિઓના એકઠા થવા પર મનાઈ ફરમાવી હતી. વિરોધ પ્રદર્શન શરૂ થાય તે પહેલા જ ડીવાયએસપીની આગેવાની હેઠળ એલસીબી, એસઓજી અને મહિલા પોલીસ સહિત ૧૦૦થી વધુ પોલીસ કર્મચારીઓનો કાફલો ઘટનાસ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. પોલીસે હાઈવે પર ચક્કાજામ કરી રહેલા પ્રદર્શનકારીઓની ગણતરીની મિનિટોમાં જ અટકાયત કરી લીધી હતી.

---

# આણંદમાં ચેઈન સ્કેચીંગમાં કઠલાલના બે યુવક પકડાયાં

**‘નેત્રમ’ની મદદથી** ગણતરીના કલાકોમાં બે રીઢા ચેઈન સ્નેચર્સ ઝડપાયા

(પ્રતિનિધિ) આણંદ તા.૧
આણંદ શહેરના સો ફૂટ રોડ પર એક મહિલાના ગળામાંથી સોનાની ચેઈન આંચકી બાઈક પર ફરાર થઈ ગયેલા બે રીઢા ગુનેગારોને લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને આણંદ ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.

આણંદના સો ફૂટ રોડ પર આવેલા પેટ્રોલ પંપના કોર્નર પર અદિતીબેન પંચાલ નામના મહિલા ઉભા હતાં. આ દરમિયાન બાઈક પર આવેલા બે અજાણ્યા બદમાશો તેમના ગળામાંથી રૂ. ૬૦ હજારની કિંમતની સોનાની ચેઈન આંચકીને નાસી છૂટ્યા હતા. આ ચેઈન સ્નેચિંગ કરનાર એક શખ્સના જમણા પગના પંજા પર કાળો ડાઘ હતો, જે તપાસમાં મહત્વની કડી સાબિત થઈ હતી.

પોલીસે ઘટનાસ્થળ અને આરોપીના ભાગવાના સંભવિત રૂટનું ‘નેત્રમ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર’ ના કેમેરા દ્વારા વૈજ્ઞાનિક ઢબે મેપિંગ કર્યું હતું. તપાસ દરમિયાન બાતમી મળી હતી કે સીસીટીવીમાં દેખાતા કઠલાલના બે શખ્સો તુષાર સુંદરભાઈ મિરચંદાણી (૨૧) અને રાજેશ ઉર્ફે રાકેશ હનીફભાઈ સરાણીયા (૨૪) બાઈક પર લૂંટેલી ચેઈન વેચવા આણંદ આવી રહ્યા છે. પોલીસે શાક માર્કેટ નજીક વોચ ગોઠવી બંનેને કોર્ડન કરી ઝડપી લીધા હતા. આ બન્ને પાસેથી પોલીસે કુલ રૂ. ૧.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

---

**એલસીબીની કાર્યવાહી | મુંબઈથી લવાયેલો ૧૨ હજાર કિલોથી વધુ કેમિકલ વેસ્ટ જપ્ત કર્યો**

# નડિયાદમાં મહોર નદી કિનારે ઝેરી કેમિકલ ઠાલવવાનું કૌભાંડ પકડાયું

**વાલ્લા ગામની સીમમાં** પર્યાવરણને જોખમમાં મૂકતા ૩ શખ્સોની ધરપકડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧
નડિયાદ રૂરલ પોલીસ મથકની હદમાં આવતા વાલ્લા ગામની સીમમાં મહોર નદીના કિનારે ગેરકાયદેસર રીતે ઝેરી કેમિકલ યુક્ત હેઝાર્ડ વેસ્ટનો નિકાલ કરવાનું મસમોટું કૌભાંડ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યું છે. પોલીસે બાતમીના આધારે રેડ કરી પર્યાવરણ અને જીવસૃષ્ટિને ગંભીર નુકસાન પહોંચાડતા ત્રણ ઈસમોને રંગેહાથ પકડી પાડ્યા છે અને કુલ ૬,૬૭,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે નદી કિનારે શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. આ સ્થળે કેમિકલની તીવ્ર દુર્ગંધ આવી રહી હતી અને પોલીસ જવાનોની આંખોમાં પણ બળતરા થવા લાગી હતી, જે કેમિકલની ઘાતકતા દર્શાવે છે. તપાસ દરમિયાન ૫૦ ફૂટ લાંબા અને ૩૦ ફૂટ પહોળા વિસ્તારમાં તાજું માટીકામ જોવા મળ્યું હતું, જ્યાં કેમિકલ ઠાલવીને તેને દાટી દેવામાં આવતું હતું.

પોલીસે સ્થળ પરથી વાલ્લાના ફિરોજ પઠાણ, વડોદરાના સગીરઆલમ પઠાણ અને બિહારના ડ્રાઈવર અર્જુન રાયની અટકાયત કરી છે. આ ત્રણેય સામે બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અગાઉ પણ નદી અને નહેરમાં કેમિકલ ઠાલવવાના કિસ્સા પકડાઈ ચુક્યાં છે.

### મુંબઈથી ખેડા સુધી ગોઠવાયેલું નેટવર્ક

ખેડા લોકલ ક્રાઇમ બ્રાંચે પકડાયેલા શખસોની પૂછપરછ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ ઝેરી કચરો મુંબઈના તલોજા વિસ્તારથી ૫૦ જેટલા બેરલમાં ભરીને ટ્રક મારફતે નડિયાદ લાવવામાં આવ્યો હતો. કોઈને ગંધ ન આવે અને પકડાઈ ન જવાય તે હેતુથી નદી કિનારાના નિર્જન વિસ્તારની પસંદગી કરવામાં આવી હતી.

### પોલ્ટ્રી ફાર્મમાં છુપાવેલો ‘મોતનો સામાન’

પોલીસે મુખ્ય સ્થળ ઉપરાંત ફિરોજના પોલ્ટ્રી ફાર્મ પર પણ દરોડો પાડ્યો હતો. ત્યાંથી ૮૪ જેટલા લોખંડના પીપ મળી આવ્યા હતા, જેમાં અંદાજે ૧૨,૬૦૦ કિલો જેટલો ઘટ્ટ અને સૂકો હેઝાર્ડ વેસ્ટ ભરેલો હતો. પોલીસે આ તમામ જથ્થો જપ્ત કરી કૌભાંડના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

---

# ખંભાત પાસે બે કાર ટકરાતાં યુવકનું મોત

**ખંભાત-ધર્મજ હાઈવે** પર કાળમુખી ઈનોવા ડિવાઈડર કૂદી રોંગ સાઈડમાં ઘૂસી

(પ્રતિનિધિ) ખંભાત તા.૧
ખંભાત-ધર્મજ હાઈવે પર વાડોલા શિવરામપુરા નજીક એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો, જેમાં બેફામ ગતિએ આવતી એક ઈનોવા કાર ડિવાઈડર કૂદાવી રોંગ સાઈડમાં ઘૂસી ગઈ હતી. આ કારે સામેથી આવતી ગ્રાન્ડ આઈ-૧૦ કારને પ્રચંડ ટક્કર મારતા આણંદના યુવકનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આણંદના કેશર વાટીકા વિસ્તારમાં રહેતા અને મેડિકલ રિપ્રેઝન્ટેટિવ તરીકે કાર્યરત ઉમાકાંત યજ્ઞરક્ષા પાંડે (ઉ.વ. ૪૦) બપોરે અઢી વાગ્યાના અરસામાં પોતાની ગ્રાન્ડ આઈ-૧૦ કાર (GJ-23-CC-4544) લઈને કામ અર્થે નીકળ્યા હતા. આ દરમિયાન વાડોલા નજીક સામેથી આવતી ઈનોવા કાર (GJ-23-AF-0010) ના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી ડિવાઈડર ઓળંગીને ઉમાકાંતભાઈની કારને અડફેટે લીધી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બંને ગાડીઓનો કુરચો બોલી ગયો હતો. જ્યારે અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ઉમાકાંતભાઈને તાત્કાલિક ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃતકના ભાઈ વિષ્ણુકાંત પાંડેની ફરિયાદના આધારે ખંભાત રૂરલ પોલીસે ઈનોવા કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

---

**વાડ કાપવા જેવી નજીવી બાબતે થયેલો ઝઘડો લોહીયાળ બન્યો હતો**

# મહુધામાં ખેડૂતની હત્યા કરનારા શખસને આજીવન કેદની સજા

**ચુણેલ ગામે ધારિયા** વડે હુમલો કરી હત્યા કરનાર શખ્સને કુલ રૂ. ૭,૦૦૦નો દંડ

### કઇ કલમ હેઠળ કેટલી સજા ફટકારી ?

- ઈપીકો કલમ ૩૦૨ (હત્યા): આજીવન કેદ અને રૂ. ૫,૦૦૦નો દંડ.
- ઈપીકો કલમ ૩૦૭: ૫ વર્ષની કેદ અને રૂ. ૧,૦૦૦નો દંડ.
- ઈપીકો કલમ ૩૨૪: ૧ વર્ષની કેદ અને રૂ. ૫૦૦નો દંડ.
- જીપી એક્ટ કલમ ૧૩૫: ૬ માસની કેદ અને રૂ. ૫૦૦નો દંડ.

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧
મહૂધા તાલુકાના ચુણેલ ગામે માત્ર ખેતરની વાડ કાપવા જેવી નજીવી બાબતમાં ઉશ્કેરાઈ જઈ ધારિયા વડે જીવલેણ હુમલો કરી હત્યા કરનાર આરોપીને નડિયાદની સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. ખેડા-નડિયાદના ત્રીજા એડિશનલ સેશન્સ જજ એમ. જે. બ્રહ્મભટ્ટની કોર્ટે આ મહત્વનો ચુકાદો આપ્યો છે.

બનાવની વિગત મુજબ, ચુણેલથી બલાડીવાડા રોડ પર ૪ એપ્રિલ ૨૦૨૩ના રોજ સરોજબહેન અને તેમના પતિ નરેન્દ્રસિંહ સોમસિંહ પરમાર ખેતરમાં ઘાસચારો કાપતા હતા. તે સમયે હિંમતસિંહ અમરસિંહ પરમાર પણ નરેન્દ્રસિંહના ખેતરની વાડ કાપતા હોય, નરેન્દ્રસિંહે તેમને તેમ કરતા રોક્યા હતા.

આ બાબતે ઉશ્કેરાઈ જઈ હિંમતસિંહે હું તારી વાડને પણ દીવાસળી ચાંપી દઈશ તેમ કહી નરેન્દ્રસિંહ પર ધારિયાના જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. માથા અને ગળાના ભાગે થયેલી ગંભીર ઈજાઓને કારણે નરેન્દ્રસિંહનું મૃત્યુ નીપજ્યું હતું.

આ કેસમાં મહૂધા પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. કોર્ટમાં સરકારી વકીલ પ્રેમ આર. તિવારીએ રજૂ કરેલા ૨૯ દસ્તાવેજી પુરાવા અને ૧૫ સાક્ષીઓની મૌખિક જુબાનીને આધારે આરોપીને દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને આજીવન કેદને સજા ફટકારી હતી.

---

# નડિયાદ શહેરમાં હાથીના દાંત સાથે મહિલા પકડાઈ

**એસઓજી પોલીસ** અને વન વિભાગની સંયુક્ત કાર્યવાહીમાં મહોળેલની મહિલાની ધરપકડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧
નડિયાદ ગ્રામ્ય પોલીસ મથકની હદમાં આવતી ડભાણ ચોકડી નીચેથી એસઓજી પોલીસે બાતમીના આધારે એક મહિલાને શંકાસ્પદ હાથીદાંતના ગિફ્ટ આર્ટિકલ સાથે ઝડપી પાડી છે. પોલીસ અને વન વિભાગની સંયુક્ત કાર્યવાહીમાં ૩૦ લાખની કિંમતનો હાથીદાંત અને અન્ય ચીજવસ્તુઓ મળી કુલ ૩૦,૦૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ખેડા જિલ્લા પોલીસ વડા વિજય પટેલની સૂચના અને પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. શિમ્પીના માર્ગદર્શન હેઠળ એસઓજીની ટીમ કાર્યરત હતી. દરમિયાન એએસઆઈ વિનોદકુમારને ચોક્કસ બાતમી મળી હતી કે એક મહિલા પ્રતિબંધિત હાથીદાંત સાથે ડભાણ બ્રિજ નીચે આવવાની છે. પોલીસે પંચોને સાથે રાખી વોચ ગોઠવી મધુબહેન પ્રદીપભાઈ પટેલ (રહે. મહોળેલ, ઉંમર ૫૨ વર્ષ) ને અટકાવી તલાશી લેતા તેમની પાસેથી હાથીદાંતની બનાવટનું ગિફ્ટ આર્ટિકલ મળી આવ્યું હતું.

આ વસ્તુ ખરેખર હાથીદાંત છે કે કેમ ? તેની ખાતરી માટે આરએફઓ એસ.એ. વ્હોરાને સ્થળ પર બોલાવાયા હતા, જેમણે પ્રાથમિક દૃષ્ટિએ તે હાથીદાંત હોવાનું સ્પષ્ટ કર્યું હતું. પોલીસે મહિલા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ માટે કેસ વન વિભાગને સોંપ્યો છે.

---

# કપડવંજમાં વિસ્ફોટથી થયેલા નુકસાનનું વળતર આપવા માંગ

**ફડાકડાની ફેક્ટરીના** સંચાલકો સામે કડક કાર્યવાહીની માંગ સાથે પ્રાંતને આવેદન આપ્યું

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧
કપડવંજમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં થયેલા પ્રચંડ બ્લાસ્ટના મામલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ દુર્ઘટનાને પગલે અસરગ્રસ્ત રહીશોએ કપડવંજ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ન્યાય અને વળતરની માંગ કરી છે.

આ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, બ્લાસ્ટની તીવ્રતા એટલી વધુ હતી કે આસપાસના મકાનોમાં મોટી તિરાડો પડી ગઈ છે અને બારીઓના કાચ પણ તૂટી ગયા છે. રહીશોએ માંગણી કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે થયેલા નુકસાનનો સર્વે કરવામાં આવે અને અસરગ્રસ્તોને યોગ્ય આર્થિક વળતર અપાવવામાં આવે. આ ઉપરાંત, ફેક્ટરી સંચાલક સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગ ઉઠી છે. તાલુકા પંચાયત સદસ્ય અજયભાઈ સોલંકી અને અગ્રણી વિનોદભાઈ સોલંકીએ આ અંગે ચીમકી ઉચ્ચારતા જણાવ્યું હતું કે, જો તંત્ર દ્વારા વહેલી તકે સર્વે કરી વળતર અને ન્યાય આપવામાં નહીં આવે, તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

આ દુર્ઘટના બાદ સ્થાનિક તંત્ર અને અધિકારીઓની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. જમીન જેની છે તેની સાથે ફેક્ટરી માલિકે ભાડા કરાર કર્યો હતો કે કેમ ? તે મોટો પ્રશ્ન છે.

### બ્લાસ્ટમાં દાઝેલા શ્રમિકનું સારવારમાં મોત

કપડવંજમાં ફટાકડા ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં ગંભીર રીતે દાઝેલા શ્રમિક દેવાંગ પરમારનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. આ દુર્ઘટના બાદ ફેક્ટરીનો માલિક હજુ પણ ફરાર હોવાથી પોલીસ દ્વારા તેની સઘન શોધખોળ કરવામાં આવી રહી છે. શ્રમિકના મૃત્યુ બાદ આ કેસમાં એસઓજી (SOG) દ્વારા તપાસનો દોર વધુ તેજ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા ફરાર માલિકને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે જેથી આ કરુણ ઘટનામાં ન્યાયિક કાર્યવાહી આગળ વધી શકે.

---

# સરદાર પટેલ યુનિ.ના કર્મચારીને એક કરોડનું વીમા કવચ મળશે

**એક્ઝિક્યુટિવથી** લઈને પેન્શનરો સુધીના તમામ માટે ‘કસ્ટમાઇઝડ સેલેરી પેકેજ’ લોન્ચ

(પ્રતિનિધિ) આણંદ તા.૧
સરદાર પટેલ યુનિવર્સિટીએ તેના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ તેમજ પેન્શનરોના કલ્યાણ માટે યુનિયન બેંક ઓફ ઈન્ડિયા સાથે એક ઐતિહાસિક સમજૂતી કરાર કર્યો છે. આ અંતર્ગત યુનિવર્સિટી પરિવારના સભ્યોને કોઈપણ વધારાના પ્રીમિયમ કે ખર્ચ વિના 1 કરોડ સુધીનો મફત અકસ્માત વીમો અને અન્ય નાણાકીય સુરક્ષા પૂરી પાડવામાં આવશે. યુનિવર્સિટીના એમ.બી.એ. વિભાગ ખાતે કુલપતિ પ્રોફેસર નિરંજન પટેલ અને યુનિયન બેંકના રીજીયનલ હેડ બ્રિજેશ તિવારીએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

સરદાર પટેલ યુનિવર્સિટીના પેન્શનરો માટે 70 વર્ષની વય સુધી સુરક્ષા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આ કરારની સૌથી મોટી વિશેષતા એ છે કે,



સામાન્ય રીતે નિવૃત્તિ પછી મળતા વીમા કવચ મર્યાદિત હોય છે, પરંતુ અહીં પેન્શનરોને 70 વર્ષની ઉંમર સુધી 1 કરોડનું અકસ્માત વીમા કવચ મળશે (જો તેઓ સેલેરી ખાતા દ્વારા પેન્શન મેળવતા હોય).

આ ઉપરાંત, બેંક માત્ર કર્મચારીઓ જ નહીં પણ વિદ્યાર્થીઓના હિતને પણ ધ્યાનમાં રાખશે. યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને બેંક દ્વારા ખાસ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે, જે શૈક્ષણિક અને બેંકિંગ સંસ્થાઓ વચ્ચેના સંબંધોને એક નવો વળાંક આપશે.

યુનિવર્સિટીના કુલપતિએ આ પગલાને કર્મચારીઓની સામાજિક અને આર્થિક સુરક્ષા માટેનું એક પ્રશંસનીય કદમ ગણાવ્યું હતું. બેંકના રીજીયનલ હેડ દ્વારા આ પેકેજ ખાસ હેડ ઓફિસ સાથે ચર્ચા કરીને કર્મચારીઓના હિતમાં તૈયાર કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

### મળવાપાત્ર મુખ્ય લાભો:

- » અકસ્માત વીમો: મૃત્યુ અથવા વિકલાંગતાના કિસ્સામાં 100 લાખ (1 કરોડ) સુધીનું કવચ.
- » એર અકસ્માત: હવાઈ મુસાફરી દરમિયાન અકસ્માત થાય તો 1 કરોડથી 2 કરોડની સહાય.
- » ટર્મ લાઈફ ઈન્સ્યોરન્સ: કેટેગરી મુજબ 10 લાખથી 20 લાખ સુધીનો વીમો.
- » લોનમાં રાહત: 6 મહિનાથી વધુ ખાતું જાળવનાર કર્મચારીઓને રીટેલ લોનના વ્યાજદરમાં વિશેષ કન્સેશન.
- » હોસ્પિકેશ સુવિધા: હોસ્પિટલમાં દાખલ થવા પર 30,000 ની સહાય મળશે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**